# જિલ્લા શિક્ષણ સમિતિ - કચ્છ.

## દ્વિતીય સત્રાંત કસોટી - 2023-2024

**તા. :** 20/04/2024 **ધોરણ :- 7** **ગુણ :-** 80

**વાર :- શનિવાર** **સમય :-** 8.00 **થી** 11.00

**વિષય :- સામાજિક વિજ્ઞાન**

---

**પ્ર-1 (અ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** (5)

1. આદિવાસી સમૂહ પ્રકૃતિનો પ્રેમી અને સંવર્ધક રહ્યો છે.
2. ગઢકટંગાના ગોંડ રાજ્યમાં 80,000 જેટલાં ગામડાઓનો સમાવેશ થતો હતો.
3. જે લોકો પાસે રાજ્ય માટે બળજબરીથી કામ કરાવાતું તે 'પાઈક' કહેવાતા.
4. બલોચ જનજાતિ નાનાં-નાનાં કુળોમાં વિભાજિત હતી
5. "બુરંજી" નામની ઐતિહાસિક કૃતિને પહેલાં અહોમ ભાષામાં અને પછી હિન્દી ભાષામાં લખવામાં આવી હતી.

**પ્ર-1 (બ) બંધબેસતા જોડકાં જોડો.** (5)

| | **(અ)** | **(બ)** |
|---|---|---|
| 1. | વણજારાની પોઠોનો સમૂહ | (A) કાંગસિયા |
| 2. | જાદુ કરવા, દોરડા પર ચાલવું લાકડી પર ચાલવું જેવાં કરતબો કરનાર | (B) ~~[illegible]~~ |
| 3. | કાંસકી અને સૌંદર્ય પ્રસાધનો વેચવાનું કાર્ય કરનાર | (C) ટાંડું |
| 4. | વિચરતી જાતિઓ | (D) ભવૈયા, ગારુડી, વાંસફોડા |
| 5. | વિમુક્ત જાતિઓ | (E) મિયાણા, વાઘેર, ડફેર |

**પ્ર-2 (અ) નીચેના વિધાનોની ખાલી જગ્યા પૂરો.** (4)

1. ભારતમાં સૂફી મત ફેલાવનાર ................ પરંપરાઓ હતી.
2. ફક્ત 15 વર્ષની વયે ................એ ભગવદ્ગીતા ઉપરની ટીકા 'જ્ઞાનેશ્વરી' લખી હતી.
3. પંઢરપુરનું ................ મંદિર ભક્તિ આંદોલનનું મુખ્ય કેન્દ્ર હતું.
4. ગુરુ નાનક ................ શાખાના સંત હતા.

**પ્ર-2 (બ) મને ઓળખો.** (4)

1. 'વૈષ્ણવજન તો તેને કહીએ....' એ ભજનની રચના મેં કરેલ છે.
2. શ્રીકૃષ્ણને હું ગિરધરગોપાલના રૂપમાં પુજતી હતી.
3. 'બીજક' નામના કવિતાસંગ્રહની રચના મારા દ્વારા થયેલ છે.
4. મેં બંગાળમાં 'હરિબોલ'નો મંત્ર ગુંજતો કર્યો હતો.

**પ્ર-3 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (કોઈ પણ ચાર)** (8)

1. ભારતીય મંદિર-સ્થાપત્ય શૈલીના મુખ્ય પ્રકારો કયા-કયા છે ?
2. નીચે આપેલ મંદિરોના સ્થાપત્યની શૈલી કઈ છે તે જણાવો.
   1. મોઢેરાનું સૂર્યમંદિર - ............... 2. મહાબલિપુરમનું રથમંદિર - ...............
3. જગન્નાથ મંદિરનું નિર્માણ કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
4. તફાવત આપો : નાગરશૈલી અને દ્રવિડ શૈલી
5. કાંગડાશૈલીની વિશેષતા કઈ હતી ?

**પ્ર-4 નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.** (8)

1. ટૂંકનોંધ લખો : મરાઠા સામ્રાજ્ય
2. પેશ્વા બાજીરાવ પ્રથમની સિદ્ધિઓ વર્ણવો. **અથવા**
   બંગાળમાં નવાબ શાસનનો અંત આવ્યો. - સમજાવો.

**પ્ર-5 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.** (8)

1. નીચે આપેલા આપત્તિઓનો વર્ગીકરણ કરો.

**ભૂકંપ, દુષ્કાળ, પૂર, ત્સુનામી**

| **આગાહી કરી શકાય** | **આગાહી ન કરી શકાય** |
|---|---|
| | |

2. 'વાવાઝોડા'ના કારણે થતી કોઈ બે અસરો જણાવો.
3. 'દાવાનળ' એટલે શું ? તેનાથી કઈ કુદરતી સંપત્તિને વધારે નુકશાન થાય છે ?
4. વિદ્યાર્થીઓ વર્ગખંડમાં અભ્યાસ કરી રહ્યા છે, અને તે જ સમયે જો ભૂકંપ આવે તો તેનાથી બચવા બાળકોને તમે કેવા ઉપાયો સૂચવશો. **અથવા**
ભૂકંપથી થતી કોઈ પણ બે અસરો જણાવો.

**પ્ર-6 નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (કોઈ પણ બે)** (6)

1. સહરાના ગરમ રણના વનસ્પતિ અને પ્રાણીજગત વિશે સમજાવો.
2. જમીન-ધોવાણ અટકાવવાના ઉપાયો કયા-કયા છે ? સમજાવો.
3. 'જંગલોનું આર્થિક મહત્ત્વ' વિશે નોંધ લખો.

**પ્ર-7 તમને આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચે આપેલી વિગતો યોગ્ય સ્થાને નામ સાથે દર્શાવો.** (6)

| | |
|---|---|
| 1. જમ્મુ અને કાશ્મીર | 2. કચ્છનું રણ |
| 3. બાંગ્લાદેશ | 4. લક્ષદ્વિપ ટાપુ |
| 5. સાબરમતી નદી | 6. સાંભર સરોવર |

**પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ નકશાના સ્થાને નીચેના પ્રશ્નોના જવાબ આપવા.**

1. જમ્મુ અને કાશ્મીર રાજ્ય ભારતની કઈ દિશામાં આવેલ છે ?
2. 'કચ્છનું રણ' ભારતનાં કયા રાજયમાં આવેલું છે ?
3. ભારતની પડોશમાં આવેલા કોઈ પણ એક દેશનું નામ જણાવો.
4. 'લક્ષદ્વિપ ટાપુ' કયા દેશનો ભાગ છે ?
5. અમદાવાદ શહેર કઈ નદી કિનારે આવેલું છે ?
6. ભારતમાં આવેલા 'ખારા' પાણીના કોઈ એક સરોવરનું નામ આપો.

**પ્ર-8 (અ) બંધબેસતા જોડકા જોડો.** (4)

| વિભાગ (અ) | વિભાગ (બ) |
|---|---|
| 1. પ્રથમ મહિલા વડાપ્રધાન | (A) કલ્પના ચાવલા |
| 2. 'ભારત રત્ન'થી સન્માનિત મહિલા ગાયક | (B) ઈન્દિરા ગાંધી |
| 3. મહિલા અવકાશયાત્રી | (C) લતા મંગેશકર |
| 4. 'કુપોષણ મુક્ત ગુજરાત' અભિયાન માટેના એમ્બેસેડર | (D) સરિતા ગાયકવાડ |

**પ્ર-8 (બ) નીચે આપેલા વ્યક્તિઓને ઓળખો.** (4)

1. 
2. 
3. 
4. 

**પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ ચિત્રોના સ્થાને નીચેના પ્રશ્નોના જવાબ આપવા.**

1. ભારત દેશનાં પ્રથમ મહિલા પ્રધાનમંત્રી કોણ હતા ?
2. ભારત દેશનાં પ્રથમ મહિલા વિદેશમંત્રીનું નામ જણાવો.
3. અવકાશયાત્રા પૂર્ણ કરતા પરત ફરતી વખતે અકસ્માતમાં મૃત્યુ પામનાર મૂળ ભારતીય અવકાશયાત્રીનું નામ જણાવો.
4. દેશનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બનવાનું ગૌરવ કોના ફાળે જાય છે ?

**પ્ર-9 નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.** (9)

1. વિસ્તૃત નોંધ લખો. "જાહેરાતના ગેરફાયદા" **અથવા**
ટૂંકનોંધ લખો. "વર્તમાનપત્રો"
2. 'ટીવી'ના ફાયદાઓ સમજાવો.
3. 'કૃત્રિમ ઉપગ્રહ'ના ઉપયોગો વિશે નોંધ લખો.

**પ્ર-10 નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (કોઈ પણ ત્રણ)** (9)

1. બજારમાં ચીજવસ્તુની ખરીદી કરતી વખતે એક ગ્રાહક તરીકે તમે કેવા પ્રકારની સાવચેતી રાખશો ?
2. ગ્રાહક તરીકે તમને કેવા-કેવા અધિકારો પ્રાપ્ત થાય છે, સમજાવો.
3. 'રાહિલા' ઓનલાઈન બજારથી ચીજવસ્તુઓની ખરીદી કરતી વખતે કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખશે.
4. તમારા વિસ્તારની આસપાસ ભરાતી કોઈ પણ એક બજાર વિશે ટૂંકમાં માહિતી આપો.

★